PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૫૬/કવા–૦૨/૧૬–૧૭/ ८१२१ તા. ०६/०९/१६

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
નાયબ કાર્યપાલક ઈજનેર શ્રી
માર્ગ અને મકાન પેટા વિભાગ,
નવયુગ સીનેમા પાસે,,
ધાંગધ્રા–૩૬૩૩૧૦,
મો: ૦૨૭૫૪–૨૮૨૬૬૪

વિષય :–વીજબીલ બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૦૨–૦૮–૧૬ (અત્રે ના ફોરમ ની નોધણી નંબર :૫૬/કવા–૦૨/૧૬–૧૭ )

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં.. 2 .)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વર્તુળ કચેરી મોરબી
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી, હળવદ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર પેટા વીભાગીય કચેરી,હળવદ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No: 06/A

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોપોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૫૬/કવા–૦૨/૧૬–૧૭ કમિટિ મીટીગ તા.૩૧–૦૮–૧૬ સ્થળ :–રાજકોટ

પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :

અરજદાર (ફરીયાદી) : નામ: નાયબ કાર્યપાલક ઈજનેર શ્રી માર્ગ અને મકાન પેટા વિભાગ,ગામ: ધાંગધ્રા

રજુઆત કરનાર : અરજદાર શ્રી નાયબ કાર્યપાલક ઈજનેર શ્રી બી.એસ.વાળા માર્ગ અને મકાન પેટા વિભાગ હાજર રહેલ હતા.

## વિરૂધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : શહેર પેટા વીભાગીય કચેરી,હળવદ (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી, હળવદ)

રજુઆત કરનાર :બી.ટી.કડીવાર, કાર્યપાલક ઈજનેર વિભાગીય કચેરી, હળવદ

---

## : હુકમ :

ફરીયાદ : વીજબીલ બાબત

### મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત

૧.૧ અરજદાર જણાવે છે કે,તેઓના હળવદ શહેર ખાતે ના, કર્મચારીઓના કવાર્ટસ માહેના, કવાટર નં.–૧ મા આવેલ, જોડાણ નંબરઃ ૨૫૪૦૧/૦૧૪૨૭/૯ ના ઉપભોકતા એવા, શ્રી ચામડીયા નાયબ મામલતદાર શ્રી એ, તા.૦૮–૦૯–૧૪ ના રોજ ખાલી કરી અને આ કવાટર નો કબ્જો ડિપાર્ટમેન્ટ ને સોપેલ હતો. ડિપાર્ટમેન્ટ ને આ કવાટર નો કબ્જો સોપતા સમયે, નાયબ મામલતદાર શ્રી ચામડીયા એ, પીજીવીસીએલ નુ '' નો ડયુ સર્ટી '' જે મીટર મા છેલ્લા રીડીગ ૧૭૩ નોંધાયેલ હોવા સબબ નુ રજુ કરેલ હતુ. ત્યારબાદ, આ કવાટર શ્રી એ.કે. વોરા નામના કલાર્ક ને સોપવામા આવેલ હતુ. પરંતુ, વાસ્તવિક રીતે, શ્રી એ.કે.વોરા એ આ કવાટર નો ઉપભોક કરેલ ન હતો. આમ, કવાટર સોપણી તા.૦૮–૦૯–૧૪ થી જુન–૧૬ સુધી આ કવાટર બીન વપરાશી અને ખાલી રહેલ હતુ. આમ, તા.૦૮–૦૯–૧૪ થી જુન–૧૬ સુધી કવાટર બીન વપરાશી અને ખાલી રહેલ હોવા છતા, તેમજ આ કવાટર ના અગાઉ ના નો ડયુ મુજબ છેલ્લા રીડીગ ૧૭૩ સુધી નુ ચુકવણુ કરાયેલ હોવા છતા, ત્યારબાદ, એપ્રીલ – મે –૧૬ ના નિયમીત વીજબીલીગ, જે વાસ્તવિક રીતે ૧૦ યુનીટ ( હાલ ના ૧૮૩ અને પાછલા ૧૭૩ = ૧૦ યુનીટ ) હોવા છતા, આ કવાટર મા પીજીવીસીએલ તરફથી, રૂ.૧૧,૬૬૮/૫૭ ની બાકી લેણી રકમ દર્શાવી અને, કાનુનન રાહે વસુલાત ની કાર્યવાહી, જે પીજીવીસીએલ તરફથી તા.૧૬–૦૭–૧૬ ના રોજ લીગલ નોટીસ આપીને કરાયેલ છે. આ બાબત, પીજીવીસીએલ ના નિયમાધીન યોગ્ય અને વ્યાજબી ન હોય, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

### મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત

૨.૧ અરજદાર શ્રી નુ સવાલવાળુ ઘરવપરાશ જોડાણ નંબરઃ ૨૫૪૦૧/૦૧૪૩૨/૫, જે નાયબ ઈજનેર શ્રી પી ડબલ્યુ ડી ના નામ પરનુ, હળવદ શહેર ખાતે ના કુલ ૧૧ કવાટરો માહે ના, કવાટર નં.–૬ મા આવેલ છે. આવા કવાટર ધારકોએ, તેમના કવાટર મા આવેલ જોડાણ ની નિયમીત વીજબીલો ની તમામ નિયમીત તેમજ ચડત બાકી રકમ ભરપાઈ કરવાની હોય છે. પરંતુ, આ કવાટર ધારકે આ સમયે, તેમના કવાટર નં.–૬ મા આવેલ, ઘરવપરાશ વીજ જોડાણ નંબરઃ ૨૫૪૦૧/૦૧૪૩૨/૫ પર ની બાકી લેણી રકમ રૂ.૮,૭૭૬/૧૩ ભરપાઈ ન કરેલ હોવાના કારણોસર, વર્ષ–૨૦૧૦ પહેલાથી જ આ કવાટર – '' હંગામી ધોરણે કપાયેલ '' સ્થિતી મા રહેલ છે. અને આ સ્થિતી મા,હાલ ના તબ્બકે, સદર જોડાણ મા બાકી લેણી રકમ રૂ.૮,૭૩૬/૧૩, જે પીજીવીસીએલ ની વસુલાત માટે ની રહેલ છે. જેથી, સદર કવાટર નં.–૬ મા આવેલ ઘરવપરાશ વીજ જોડાણ નં. : ૨૫૪૦૧/૦૧૪૩૨/૫, પર ની બાકી લેણી રકમ વસુલ કરવા માટે, જોડાણકાર ના નામના, અન્ય એવા કુલ ૧૧ કવાટરો માહે ના, કવાટર નં.–૧ મા આવેલ જોડાણ નંબરઃ ૨૫૪૦૧/૦૧૪૨૭/૯ મા ઉધારવામા આવેલ હતી. અને તે મુજબ, કવાટર નં.–૬ પર ની બાકી લેણી રકમ રૂ.૮,૭૭૬/૧૩, જે આ કવાટર નં.–૧ મા આવેલ જોડાણ નંબરઃ ૨૫૪૦૧/૦૧૪૨૭/૯ ના જોડાણમા માહે ના, મુળ ધારક / મુળ ગ્રાહક પાસેથી વસુલાત ની કાર્યવાહી હાથ ધરાયેલ હતી. અને, આમ કવાટર નં.–૧ મા આવેલ જોડાણ નંબરઃ ૨૫૪૦૧/૦૧૪૨૭/૯ નો વીજપુરવઠો કાપવામા આવેલ હતો.

આમ, ક્વાટર નં. ૧ મા આવેલ જોડાણ નંબરઃ ૨૫૪૦૧/૦૧૪૨૭/૯ મા, અગાઉ ની કોઈ લેણી રકમ બાકી ન હોવા છતા, સદર ક્વાટર નુ જોડાણ કપાયેલ હોવાના કારણોસર, ક્વાટર નં. ૧ ના ધારક શ્રી એ ફોરમ સમક્ષ સવાલવાળી અરજી કરેલ છે. ક્વાટર નં.-૧ ના જોડાણ નંબરઃ ૨૫૪૦૧/૦૧૪૨૭/૯ વાળા ક્વાટર ધારક ની કોઈ રકમ બાકી લેણી નથી, પરંતુ, આ જોડાણ મા જે બાકી લેણી રકમ રૂ.૮,૭૭૬/૧૩ દર્શાવેલ છે, તે રકમ એ મુજબ ક્વાટર નં.-૧ ના જોડાણ નંબરઃ ૨૫૪૦૧/૦૧૪૨૭/૯ ના ધારક ની નથી, પરંતુ, આ કોલોની મા આવેલ ક્વાટર નં.-૬ ના જોડાણ નંબરઃ ૨૫૪૦૧/૦૧૪૩૨/૫ ના ધારક ની છે. જેથી, હાલ ના તબ્બકે, ક્વાટર નં.-૧ ના જોડાણ નંબરઃ ૨૫૪૦૧/૦૧૪૨૭/૯ મા, જે અગાઉ જે સવાલવાળી બાકી લેણી રકમ રૂ.૮,૭૭૬/૧૩, ઉધાર કરાયેલ હતી. તે રકમ ને, ક્વાટર નં.-૧ ના જોડાણ નંબરઃ ૨૫૪૦૧/૦૧૪૨૭/૯ ના બીલીગ ખાતામા જમા કરાયેલ છે. અને સદર સવાલવાળી વસુલાત અન્વયે ની બાકી લેણી રકમ રૂ.૮,૭૭૬/૧૩, જે ખરેખર એવા ક્વાટર નં.-૬ ના જોડાણ નંબરઃ ૨૫૪૦૧/૦૧૪૩૨/૫ ની હતી. તે ક્વાટર નં.-૬ ના જોડાણ નંબરઃ ૨૫૪૦૧/૦૧૪૩૨/૫ મા, ભુલ સુધારણા ના ભાગરૂપ ફરી વખત ઉધારી, અને તે મુજબ ક્વાટર નં.-૬ ના જોડાણ નંબરઃ ૨૫૪૦૧/૦૧૪૩૨/૫ મા વસુલાત ની કાર્યવાહી હાથ ધરવામા આવશે. આમ, હવે ફરીયાદી અરજદાર શ્રી ના જણાવ્યા મુજબ ના ક્વાટર નં.-૧ ના જોડાણ નંબરઃ ૨૫૪૦૧/૦૧૪૨૭/૯ મા, પીજીવીસીએલ ની કોઈ બાકી લેણી રકમ વસુલાત પાત્ર ન હોય, ક્વાટર નં.-૧ મા આવેલ જોડાણ નંબરઃ ૨૫૪૦૧/૦૧૪૨૭/૯ નુ જોડાણ, પીજીવીસીએલ તરફથી પુનઃ ચાલુ કરી આપી અને ફરીયાદી અરજદાર ની ફરીયાદ નુ નિરાકરણ થયેલ છે.

**મુદ્દા નં.-૩ :** **: નિષ્કર્ષ :**

**૩.૧** ફરીયાદી અરજદાર શ્રી ના જણાવ્યા મુજબ ના, હળવદ શહેર ખાતે આવેલ, નાયબ ઈજનેર શ્રી પી ડબલ્યુ ડી ના નામના, ક્વાટર નં.-૧ ના જોડાણ નંબરઃ ૨૫૪૦૧/૦૧૪૨૭/૯ ના મુળ ક્વાટર ધારક ની ફરીયાદ પરત્વે પીજીવીસીએલ પક્ષકાર તરફથી, મુદ્દા નં. ૨.૧ મુજબ ની વિગતે સ્પષ્ટતાઓ રજુ કરી અને અગાઉ થયેલ ભુલ ને, ભુલ સુધારણા ના ભાગરૂપ આવરી લઈ અને, સવાલવાળી પીજીવીસીએલ ની બાકી લેણી રકમ રૂ.૮,૭૭૬/૧૩, જે ક્વાટર નં.-૧ ના જોડાણ નંબરઃ ૨૫૪૦૧/૦૧૪૨૭/૯ મા ઉધાર કરાયેલ હતી. તે રકમ રૂ.૮,૭૭૬/૧૩ ને, ક્વાટર નં.-૧ ના જોડાણ નંબરઃ ૨૫૪૦૧/૦૧૪૨૭/૯ ના બીલીગ ખાતામા જમા આપવામા આવેલ છે. આમ થતા, સદર ક્વાટર નં.-૧ ના જોડાણ નંબરઃ ૨૫૪૦૧/૦૧૪૨૭/૯ મા, હવે પીજીવીસીએલ પક્ષકાર ની કોઈ બાકી લેણી રકમ રહેતી નથી. જેથી, પીજીવીસીએલ પક્ષકાર તરફથી, ફરીયાદી અરજદાર શ્રી એટલેકે સદર ક્વાટર નં. ૧ ના જોડાણ નંબરઃ ૨૫૪૦૧/૦૧૪૨૭/૯ ના ક્વાટર ધારક નુ જોડાણ પણ પુનઃ ચાલુ કરવામા આવેલ છે. આમ થતા, ક્વાટર નં. ૧ ના જોડાણ નંબરઃ ૨૫૪૦૧/૦૧૪૨૭/૯ ની ફરીયાદ નુ પીજીવીસીએલ તરફથી નિરાકરણ થયેલ છે. જે મુજબ, હવે પીજીવીસીએલ પક્ષકાર ની સદર બાકી લેણી રકમ રૂ.૮,૭૭૬/૧૩, જે ખરેખર મુળ ક્વાટર નં. ૬ ના જોડાણ નંબરઃ ૨૫૪૦૧/૦૧૪૩૨/૫ ના ધારક ની હતી. જેથી, સદર રકમ રૂ.૮,૭૭૬/૧૩, હાલ ના તબ્બકે, તે ક્વાટર નં. ૬ ના જોડાણ નંબરઃ ૨૫૪૦૧/૦૧૪૩૨/૫ મા, ભુલ સુધારણા ના ભાગરૂપ ફરી વખત ઉધારી, અને તે મુજબ ક્વાટર નં.-૬ ના જોડાણ નંબરઃ ૨૫૪૦૧/૦૧૪૩૨/૫ મા વસુલાત ની કાર્યવાહી હાથ ધરાયેલ છે.

**મુદ્દા નં.-૪ :** **હુકમ**

**૪.૧** ફોરમ સમક્ષ ના ફરીયાદી અરજદાર એવા ક્વાટર નં. ૧ ના જોડાણ નંબરઃ ૨૫૪૦૧/૦૧૪૨૭/૯ ના ધારક શ્રી ની સવાલવાળી ફરીયાદ ના અનુસંધાને, પીજીવીસીએલ પક્ષકાર તરફથી, સદર કેઈસ ના નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૧ મુજબ ની કાર્યવાહી હેઠળ, ફરીયાદ નુ નિરાકરણ કરેલ છે. અને ફરીયાદ અરજી મા જણાવ્યા મુજબ ની, સવાલવાળી પીજીવીસીએલ ની બાકી લેણી રકમ રૂ.૮,૭૭૬/૧૩ ની વસુલાત, મુળ ક્વાટર નં. ૬ ના જોડાણ નંબરઃ ૨૫૪૦૧/૦૧૪૩૨/૫ પર – ભુલ સુધારણા ના ભાગરૂપ ફરી વખત ઉધારી – અને તે મુજબ ક્વાટર નં.-૬ ના જોડાણ નંબરઃ ૨૫૪૦૧/૦૧૪૩૨/૫ મા, સદર બાકી લેણી રકમ રૂ.૮,૭૭૬/૧૩ વસુલાત ની કાર્યવાહી, પીજીવીસીએલ તરફથી હાથ ધરાયેલ છે. આમ, ફોરમ સમક્ષ ના ફરીયાદી અરજદાર શ્રી ના ક્વાટર નં. ૧ મા આવેલ જોડાણ નંબરઃ ૨૫૪૦૧/૦૧૪૨૭/૯ મા પીજીવીસીએલ ની કોઈ બાકી લેણી રકમ રહેતી ન હોવાથી, સદર ક્વાટર નં. ૧ ના જોડાણ નંબરઃ ૨૫૪૦૧/૦૧૪૨૭/૯ ને પીજીવીસીએલ તરફથી પુનઃ ચાલુ કરી, અને સદર ક્વાટર નં. ૧ ના ધારક ની ફરીયાદ નુ નિરાકરણ થયેલ છે. અને સવાલવાળી બાકી લેણી રકમ રૂ.૮,૭૭૬/૧૩, જે મુળ ક્વાટર નં. ૬ ના જોડાણ નંબરઃ ૨૫૪૦૧/૦૧૪૩૨/૫ મા જ ઉધાર કરી, અને તે અન્વયે, સદર રકમ રૂ.૮,૭૭૬/૧૩, જે વસુલાત ની કાર્યવાહી, ક્વાટર નં. ૬ ના જોડાણ નંબરઃ ૨૫૪૦૧/૦૧૪૩૨/૫ મા કરવામા માટે ની, જે કાર્યવાહી, પીજીવીસીએલ તરફથી હાથ ધરાયેલ છે, તે કાર્યવાહી વાળી બાબત પીજીવીસીએલ ના નિયમાધીન યોગ્ય છે.

(શ્રીમતી કે.જે.મોટાણી)
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(એમ.એન.ઓઝા)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..